ગાંધીનગર સમાચાર

જન્મદિને વધામણી

રમણ ભટ્ટ
મો. ૯૮૯૮૫ ૧૮૮૫૯

હવે પોસ્ટ ઓફિસમાં એલઈડી બલ્બ અને પંખા મળશે અડધા ભાવે

ગાંધીનગર, તા. ૧૬

હવે પોસ્ટ ઓફિસમાં પૈસા જમા થવાની સાથે-સાથે અડધા ભાવે એલઈડી બલ્બ અને પંખા પણ ઉપલબ્ધ બનશે. એનર્જી એફિશિયન્સી સર્વિસ લિ. (ઈઈસીએલ) દ્વારા ઉજાલા યોજના માટે પોસ્ટ વિભાગ સાથે એક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ કરાર હેઠળ હવે પોસ્ટ ઓફિસ દ્વારા વીજળીનો ઓછો વપરાશ કરતા એલઈડી બલ્બ અને પંખાનું વેચાણ કરવામાં આવશે. ઈઈએસએલ દેશમાં ઈન્ડિયા પોસ્ટના નેટવર્ક દ્વારા એલઈડી બલ્બ અને ટ્યૂબલાઈટ તેમજ બીઈઈ-ફાઈવ સ્ટાર પંખાનું વિતરણ કરાશે. ઊર્જાનો ઓછો વપરાશ કરતા આ ઉપકરણોનું વિતરણ વિવિધ રાજ્યોમાં ચુનંદી પોસ્ટ ઓફિસના માધ્યમ દ્વારા તબક્કાવાર કરવામાં આવશે. ઉજાલા યોજના હેઠળ બીઈ પાઈવ સ્ટાર પંખા રૂ. ૧૧૦૦માં અને નવ વોટનો એલઈડી બલ્બ રૂ. ૭૦માં અને ૨૦ વોટની એલઈડી ટ્યૂબલાઈટ રૂ. ૨૨૦માં વેચવામાં આવી રહી છે. વિતરણને સરળ બનાવવા માટે ઈઈએસએલ અને પોસ્ટ વિભાગે ૨૩ પોસ્ટલ સર્કલમાં વિભાજન કરવામાં આવ્યું છે.

ગુજરાત દિપોત્સવી અંકનું મુખ્યમંત્રીના હસ્તે વિમોચન



૩૩-૩૩ અભ્યાસલેખો અને નવલિકાઓ, ૨૦ વિનોદિકાઓ, ૫ નાટિકાઓ, ૯૪ કાવ્ય અને ગઝલોનું સંકલન

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ આજે ગાંધીનગરમાં માહિતી ખાતા દ્વારા પ્રકાશિત ગુજરાતી સાહિત્યના શિરમોર સમા વિક્રમ સંવત ૨૦૭૪ના 'ગુજરાત દિપોત્સવી અંક-૨૦૧૮'નું વિમોચન કર્યું હતું. તેમણે કહ્યું કે, સાહિત્ય સર્જન સંસ્કાર ઘડતરમાં મહત્વનો ફાળો આપતું હોય છે. શિષ્ટ અને સંસ્કારી સાહિત્ય વારસાથી ગુજરાતની ભૂમિ સમૃદ્ધ છે એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, કલા, સાહિત્ય, ઈતિહાસ અને સંસ્કારનું અનોખું પ્રતિબિંબ 'ગુજરાત દિપોત્સવી અંક'માં ઝીલાતું હોય છે. માહિતી ખાતા દ્વારા ગુજરાત દિપોત્સવી અંક પ્રતિવર્ષ સાહિત્યના વિવિધ સ્વરૂપોનું સંકલન પ્રસ્તુત કરીને ગરવા ગુજરાતની ગરિમાથી અવગત કરાવવાનું મહત્વપૂર્ણ કામ કરવામાં આવે છે. ઉત્તમ સાહિત્ય રચનાઓ પ્રસ્તુત કરીને વાચકોની વાચનક્ષુધા સંતોષવાનું કાર્ય માહિતી ખાતું સુપુરે કરી રહ્યું છે એમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ દિપોત્સવી અંક સ્વરૂપે સત્વશીલ સાહિત્યિક સર્જન સમયસર પ્રસ્તુત કરવા માટે માહિતી ખાતાના સંપાદક મંડળની સરાહના કરી તેમની કામગીરીને બિરદાવી હતી.

મુખ્યમંત્રીશ્રીના અને માહિતીખાતાના સચિવશ્રી અશ્વિનીકુમારે દિપોત્સવી અંક વિશે જાણકારી આપતાં કહ્યું કે, ભાતિગળ પરંપરા અનુસાર ગુજરાતી સાહિત્યનો રસથાળ લઈને આવતા દિપોત્સવી અંકની માફક આ વર્ષે પણ 'ગુજરાત દિપોત્સવી અંક-૨૦૭૪'નું પ્રકાશન કરવામાં આવ્યું છે. દિપોત્સવી અંક ગુજરાતના સાહિત્ય સર્જકો, ભાવકો તેમજ વાચક મિત્રોને ગુજરાતી સાહિત્યસભર વાંચનથી દિપોત્સવનો તહેવાર વધુ આનંદમયી બનાવશે. તેમણે કહ્યું કે, અભ્યાસલેખ, નવલિકા, નાટિકા, વિનોદિકા, કાવ્ય, ગઝલ, ચિત્રો અને તસવીરોથી શોભતો દળદાર 'ગુજરાત દિપોત્સવી અંક' રાજ્ય તેમજ રાજ્ય બહારના ગુજરાતી વાચકોમાં અપ્રતિમ ચાહના ધરાવે છે.

માહિતી નિયામકશ્રી અશોક કાલરિયાએ કહ્યું કે, ૩૩-૩૩ અભ્યાસલેખો અને નવલિકાઓ, ૨૦ વિનોદિકાઓ, ૫ નાટિકાઓ, ૯૪ કાવ્ય અને ગઝલોના સંકલનથી ગુજરાત દિપોત્સવી અંક વાચકોની વાચનક્ષુધાને પરિતૃપ્ત કરશે.

ગુજરાત દિપોત્સવી અંકના વિમોચન વેળા મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ એમ. કે. દાસ, માહિતી ખાતાના વરિષ્ઠ અધિકારીઓ અને સંપાદક મંડળના સભ્યો, સર્વશ્રી અરવિંદભાઈ પટેલ અને પુલકભાઈ ત્રિવેદી વગેરે હાજર રહ્યા હતા.

એસ જી અંગ્રેજી શાળાના વિદ્યાર્થીઓ એરપોર્ટની મુલાકાતે

ગાંધીનગર, તા. ૧૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના ધો-પના ૩૦૦ વિદ્યાર્થીઓએ અમદાવાદમાં સ્થિત ઈન્દિરા ગાંધી એરપોર્ટની મુલાકાત લીધી હતી.

અહીં બાળકોને એરપોર્ટના નિયમો વિશે માહિતી આપવામાં આવી હતી અને બાળકોએ નજીકથી વિમાન એરોપ્લેન નિહાળ્યાં હતાં. આ વિદ્યાર્થીઓ સાથે શાળાના ધોરણ-પના શિક્ષકો પણ જોડાયા હતા. જ્ઞાન સાથે માહિતીની મજા વિદ્યાર્થીઓએ આ મુલાકાત દરમિયાન માણી હતી.

એમ બી પટેલ અંગ્રેજી સ્કૂલ ખાતે 'યંગ શેફ' સ્પર્ધા યોજાઈ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ અંગ્રેજી મીડિયમ સ્કૂલ ખાતે આઈઆઈએચએમના સહયોગથી યંગ શેફ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વાનગીઓનું નિદર્શન રાખવામાં આવ્યું હતું. જાણીતા શેફ વૈભવે બાળકોને ટીપ્સ આપી હતી અને આવી સ્પર્ધાઓમાં ટ્રેડીશનલ ફૂડ પર વધુ ભાર મૂકવા જણાવ્યું હતું. સંસ્થાનાં અદિતિ ચાંદે જણાવ્યું હતું કે હૉસ્પિટાલિટી ઈન્ડસ્ટ્રીમાં આજે રોજગારીની વિશાળ તકો ઉપલબ્ધ છે. રસ ધરાવતા વિદ્યાર્થીઓએ આ કેરિયર બાબતે પણ વિચારવાની જરૂર છે. યંગ શેફ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને ાગામી સમયમાં પૂના ખાતે આયોજિત સ્પર્ધામાં ભાગ લેવાની તક મળશે. શાળાના આચાર્ય અર્પિત ક્રિશ્ચિયને મહેમાનોનું સ્વાગત કર્યું હતું અને આ કારકિર્દી માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સુપરવાઈઝર સુપર્મા મુખર્જી અને શિલ્પા કક્કડ દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.

હરે કૃષ્ણ મંદિર ભાડજ ખાતે વિજયા દશમીની થનાર ઉજવણી

ઉત્સવમાં રામ દરબાર, સ્વર્ણરથ, રામલીલા પર નૃત્ય નાટીકા, રાવણ દહન અને ખાસ કેરળની પ્રસિધ્ધ કલા પંચવાદ્યમનું નિરૂપણ કે જેમાં પાંચ પ્રકારના વાદ્યોનું વાદન કરવામાં આવશે

હરે કૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા ૧૯ ઓક્ટોમ્બરના રોજ દશેરા મહોત્સવ માટે ખાસ ઉજવણી કરવામાં આવશે. આ દિવસે, ભક્તો માટે મંદિરમાં

ઉત્કૃષ્ટ ફુલોની સુશોભન સાથેના વિશેષ રામ દરબારની સ્થાપના કરવામાં આવશે. સાંજે ૬:૩૦ વાગ્યે મંદિરના દેવતાઓ માટે એક વિશેષ સ્વર્ણ રથની સવારી સાથે ઉજવણી શરૂ થશે. આ સ્વર્ણ રથ તેનામાં એક ઉત્કૃષ્ટ પ્રકારની રચના છે જે ખાસ કરીને ભગવાન શ્રી શ્રી રાધા માધવ માટે તમિલનાડુના મદુરાઈના નિષ્ણાત કલાકારો દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. આ પછી જે. જી. ગ્રુપ ઓફ પર્ફોમિંગ આર્ટ્સના વિદ્યાર્થીઓ દ્વારા રામલીલા વિષયવસ્તુ પર નૃત્યની રજૂઆત કરવામાં આવશે. સમી સાંજે ૬૦ ફુટ જેટલા ઉંચા દશ માથાવાળા રાવણ, કુંભકર્ણ અને મેઘનાથના વિશાળ પૂતળાનું ફટાકડા સાથે દહન કરવામાં આવશે જે અસત્ય પર સત્યની જીત દર્શાવે છે. આ વર્ષે ઉત્સવ ઉજવણીની વિશિષ્ટતા તરીકે ખાસ પંચવાદ્યમનું પર્ફોમન્સ કે જેમાં પાંચ પ્રકારના વાદ્યોનું વાદન અને કલાના મંદિર સ્વરૂપ છે જે માટે ખાસ કરીને ત્રિશૂર, કેરળથી આમંત્રિત કલાકારો દ્વારા પ્રસ્તુત કરવામાં આવશે.

આ પ્રસંગના અનુસંધાને, હરે કૃષ્ણ મૂવમેન્ટ અમદાવાદના પ્રમુખ, જગનમોહન કૃષ્ણ દાસે જણાવ્યું હતું કે, નવરાત્રિ ઉપવાસના ૯ દિવસના અંતમાં આવતો દશેરા તહેવાર મુખ્ય હિંદુ તહેવાર છે. ભગવાન શ્રી રામ દ્વારા રાક્ષસ રાવણની સંહારની ઉજવણીની યાદગીરીરૂપે આ દિવસ ઉજવવામાં આવે છે. તેથી મૂળભૂત રીતે આ દિવસ અનિષ્ટ પર ઈષ્ટની વિજયની ઉજવણી છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે "વૈદિક સંસ્કૃતિ અનુસાર મંદિરો સમાજમાં ખૂબ જ મહત્વપૂર્ણ અને અનિવાર્ય ભૂમિકા ભજવે છે. મંદિરો માત્ર ભગવાનની ઉપાસના માટે જ મર્યાદિત નથી પરંતુ તે આધ્યાત્મિક જ્ઞાન અને આધ્યાત્મિક ખાદ્ય (પ્રસાદ) નું વિતરણ કરવા સક્રિય છે. જો બધા મંદિરો આ જવાબદારીઓ લેશે તો આપણો સમાજ ફરીથી તેની ભવ્ય ભૌતિક અને આધ્યાત્મિક સમૃદ્ધિને હાંસલ કરશે."

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા દ્વારા મહિલા કિસાન દિવસની ઉજવણી

જીલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા રાંધેજા ગામ ખાતે મહિલા કિસાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ભારત સરકાર દ્વારા ૧૫ ઓક્ટોબર "મહિલા કિસાન દિવસ" તરીકે ઉજવવાનું જાહેર કરવામાં આવેલ છે. ભારત દેશ કૃષિપ્રધાન દેશ છે અને કૃષિ એ દેશના અર્થતંત માટે કરોડરજ્જુ સમાન છે. કેન્દ્રના વિષય નિષ્ણાંત ભરત હડિયા દ્વારા જણાવવામાં આવેલ કે દેશની આશરે ૬૫-૭૦ ટકા જેટલી વસ્તી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કૃષિ સાથે સંકળાયેલ છે. દેશની ૭૦ ટકા કરતા વધુ મહિલાઓ કૃષિ અને સંલગ્ન વ્યવસાય સાથે જોડાયેલ છે અને પાક ઉત્પાદનમાં અને પશુપાલનમાં મુખ્ય ભૂમિકા મહિલાઓની રહેલી છે વધુમાં ફળ અને શાકભાજી પાકોમાં મુલ્યવર્ધન દ્વારા આવક બમણી કરી સામાજિક અને આર્થિક રીતે સક્ષમ બની શકાય. કેન્દ્રના નિયામક ડો. ગર્ગ દ્વારા મહિલા ખેડૂતો માટે વિવિધ યોજનાઓ વિશે માહિતી આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં ગામની મહિલા ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

॥ પાંચમો મણકો ॥

એકલી ચિત્તશુદ્ધિની સંસ્કૃતિ ચાલશે નહીં, ચિત્તશુદ્ધિ ચાલશે નહીં, સમાજ પર એનું પરિણામ દેખવવું જ પડશે. સમાજની એકલી ક્રાંતિ નહીં ચાલે એની સાથે સમાજના બધા સભ્યો પોતાના ચિત્તને સુદ્ધ કરવું પણ પડશે. આ વાત જો કરી હોય તો એ ગાંધીએ કરી. એ એનું એક મોટું પ્રદાન. જે પ્રગટ થયું સત્યાગ્રહ રૂપે, એકાદશ વ્રત રૂપે. રચનાત્મક કાર્યક્રમ રૂપે. જુદી જુદી રીતે એ વ્યક્ત થયું.

પણ જે આપણે વાત કરવી છે એમાંય પાયાની વાત હોય તો એ માણસે આની વ્યક્તિગત વાત કેવી રીતે શરૂ કરી એનાથી આપણે વાતની શરૂઆત કરીએ. શરૂઆત બહુ જ સાદી હતી. અને જે કંઈ એણે કર્યું છે એ બિલકુલ તમે હું કરી શકીએ એવી જ રીતે કર્યું છે. કારણ કે એ તમારા ને મારા જેવા જ હતા. ઘણી વાર હું વિચાર કરું તો આપણે કદાચ દોડની શરૂઆત એના કરતાં આગળથી કરી છે, એ તો બહુ પાછળથી દોડવા માંડ્યા છે. પછી આપણને આગળ વટાવી ગયા છે એ જુદો સવાલ છે. પણ એણે શરૂઆત કરી તે તો આપણાથી પાછળ. દા.ત. હું વિચારું કે, પાઠ્યપુસ્તકો વાંચીને છોકરાઓ કહે કે ગાંધીજી તો નાના હતા ત્યારે બીડી પીતાતા. પાઠ્યપુસ્તકો વાંચીને આટલું જ શીખ્યા. ઘણી વાર મને થાય કે જિંદગીમાં હું ઘણો આગળ કારણ કે મેં કોઈ દાડો બીડી પીધી નથી. હું એવા ઘરમાં જન્મ્યો કે જ્યાં બીડીનો ધૂમાડો જ નહોતો આવતો. એટલે મારા માટે એમાં કોઈ પુરુષાર્થ હતો નહીં બીડી ન પીવામાં.

સમજવા જેવું એ છે કે તમારા મારા જેવા હતા. છતાં કેવી રીતે થયા. એક ટેવ અને તે એ કે જે કંઈપણ કરે તે મેં કેવું કર્યું એને અંગે વિચાર કરે. શાસ્ત્રીય ભાષામાં કહું તો પહેલું પગલું અંતર નિરીક્ષણ-આત્મ નિરીક્ષણ, બીજું પગલું આત્મ પરિક્ષણ અને ત્રીજું પગલું તે આત્મ શોધન. જાતને જોવી, જાતને પારખવી અને જાતને ચોખ્ખી કરવી આ ત્રણ પગલાંથી ગાંધી - ગાંધીજી બન્યા.

શાળાભ્યાસ દરમ્યાન એક પ્રસંગે ગાંધીજી પિતાજીના પગ દબાવી રહ્યા હતા અને એ કારણે પીટીના ક્લાસમાં મોડા પડ્યા. એ પહોંચ્યા ત્યારે ક્લાસ પૂરો થઈ ગયેલો. શિક્ષકે તેમને મોડા આવવાનું કારણ પૂછ્યું તો ગાંધીજીએ જે હતું તે જણાવ્યું. પણ શિક્ષકે માન્યું નહીં, તેને એમ થયું કે તે ગપ્પું મારે છે. તેથી વાત પ્રિન્સીપાલ પાસે ગઈ. પ્રિન્સીપાલે જણાવ્યું કે વાત સાચી હોય તો પણ દંડ તો કરીશ. અને એક આનો દંડ કર્યો.

મારે જો સત્યને જ પાળવું હોય તો ગફલત ન રાખી શકાય આ આત્મનિરીક્ષણનું પરિણામ. એકલા આત્મ નિરીક્ષણથી રોકાયા નહીં, પરીક્ષણ પણ કર્યું કે પેલાએ મને કેમ ખોટો કહ્યો ? એ પણ પારખ્યું અને શુદ્ધિ શું કરી ? ગફલત ફરી નહીં કરું. એક જ પગલામાં ત્રણેય વાત. આ વાત એમણે આત્મકથામાં પણ લખી છે.

150 ગાંધીયાત્રા

એની આત્મકથા જ એવી છે કે જેને વાપરી વાપરીને એના ટીકાકારો કહે છે કે જોયું ને ! ગાંધી તો આવા હતા !

આ બીજું-ત્રીજું જ પ્રકરણ, શરૂઆતનું જ પ્રકરણ અને એનું મથાળું જ એવું - ધણીપણું. હું મારી પત્ની પ્રત્યે ધણીપણું.... હું પરદેશમાં જાઉં છું તો આ સમજાવવાની મુશ્કેલી પડતી હોય છે. લોકો આશ્ચર્યથી પૂછે છે કે, **Gandhiji was so unfair to his wife** ? એટલે મેં કહ્યું કે એ એની વાઈફની સાથે પણ હું ૨૩ વર્ષ રહ્યો છું અને હું જાણું છું કે ગાંધી એને વિશે અનફેર હતા એ વસ્તુ જરા પણ સ્વીકારવા કસ્તૂરબા તૈયાર ન હતા. એ તો ધૂંઆપૂંઆ થઈ જાય, 'તમે ક્યાં ઓળખો છો ?' લીલાવતી મુન્શીને લખ્યું'તું કે, 'તું એમ લખે છે કે ગાંધીજીએ મને અન્યાય કર્યો. પણ તું કોણ એને ઓળખે છે ? હું એને ઓળખું છું.' આમ એણે લીલાવતી મુન્શીને લખી પાડ્યું'તું. 'મારો ગાંધી તો જગતમાં પૂજાય છે' આવા શબ્દો પણ એમણે વાપર્યા'તા.

એ કસ્તૂરબાની વાત છે, એ પણ આપણી કથાનો એક ભાગ જ છે એટલે એની વાત પછી કરીશું. પણ મારે અત્યારે જે કહેવું છે તે એ કે આ માણસે જે કર્યું છે એ એની નીતિનાં પગથિયાઓ હતાં.

આત્મ નિરીક્ષણ, આત્મ પરીક્ષણ અને આત્મ શોધન.

આત્મ શોધન કરતાં કરતાં જોયું કે દોષો તો છે જ.

એના પછીનું પગલું પોતાના દોષો રજના ગજ કરીને જોવા. બીજાના દોષો હોય તો કદાચ કંઈક કારણ હશે એમ માનીને ઓછા જોવા. હું એકવાર વિચાર કરવા લાગ્યો કે આ સત્યના પ્રયોગ કરનારો માણસ અને એટલું તો સ્પષ્ટ છે કે મોર ધેન ટ્રુથ સત્ય કરતાં વધારે એમ કહીએ તો એ અનટ્રુથ જ થાય. તો આ બીજાનું થોડું ઘટાડીને ને પોતાનું થોડું વધારીને એમાં સત્યનિષ્ઠા ગાંધીની કેટલી ? એમ હું વિચાર કરતોતો. પણ પછી એય એના લખાણમાં મળ્યું, કારણ બહુ સીધું છે : માણસને પોતાનો દોષ ઓછો દેખાય છે. તો જે ઓછો દેખાય છે તે થોડો વધારીને જ જોવો એટલે સત્યની વધારે નજીક પહોંચાય. અને બીજાના દોષ બહુ દેખાયા કરતા હોય છે એટલે એ થોડા ઓછા કરીને જોવા એટલે સત્યની લાઈનની નજીક પહોંચી જવાય. (ક્રમશઃ)

સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ